# Supplementary PML-1 અંગે ઉમેદવારની સુચનાઓ

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયાના પાંચમા તબક્કા અન્વયે વિષયવાર કેટેગરીવાર ખાલી જગ્યાઓના ઉપલબ્ધ ચાર ગણા ઉમેદવારોનુ PML-1 તા.૨૧/૦૯/૨૦૨૦ ના રોજ જાહેર કરેલ તથા PML-1 અન્વયે ઉમેદવારોની રજુઆત તા.૨૧/૦૯/૨૦૨૦ થી તા.૨૫/૦૯/૨૦૨૦ સુધી સ્વિકારવામાં આવેલ અને સદર રજુઆતો પૈકી PML-1 માં સમાવેશ કરવાપાત્ર ૨૦ ઉમેદવારોની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ. સદર ૨૦ ઉમેદવારો સહિત PML-1 માં સમાવિષ્ટ ઉમેદવારોનુ ભરતી સમિતી દ્વારા તા.૦૧/૧૦/૨૦૨૦ થી તા.૦૮/૧૦/૨૦૨૦ દરમ્યાન ડોક્યુમેન્ટ વેરિફીકેશન કરવામાં આવેલ અને ડોક્યુમેન્ટ વેરિફીકેશનમાં ગેરહાજર રહેલ ઉમેદવારો,વેરિફીકેશન દરમ્યાન મેરીટ ફેરફાર થયેલ તેમજ રદ થયેલ અરજીઓની વિગતો ધ્યાને લેતા પાંચમા રાઉન્ડમાં સમાવિષ્ટ વિષયવાર કેટેગરીવાર જગ્યાના પ્રમાણમાં જે તે વિષય અને જે તે કેટેગરીના ઉમેદવારો ડોક્યુમેન્ટ વેરિફીકેશન બાદ ઉપલબ્ધ થયેલ નથી તેવા જે તે વિષય અને કેટેગરીના ઉપલબ્ધ ઉમેદવારો મેળવવા માટે જે તે વિષય અને જે તે કેટેગરીનુ Supplementary PML-1 આથી જાહેર કરવામાં આવે છે.

Supplementary PML-1 માં સમાવિષ્ટ ઉમેદવારોએ તા.૦૨/૧૧/૨૦૨૦ થી તા.૦૬/૧૧/૨૦૨૦ દરમ્યાન http://gserb.orpgujarat.com/ વેબસાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરવાના રહેશે અને તા.૦૬/૧૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન સરદાર વલ્લભભાઇ પટેલ વિદ્યાલય, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે પોતાના અસલ ગુણ પત્રકો, પ્રમાણપત્રો અને દસ્તાવેજોનુ વેરિફીકેશન કરવવાનુ રહેશે.

ડોક્યુમેન્ટ વેરિફીકેશન અન્વયે વધુ માહિતિ અંગે વેબસાઇટ પર મુકેલ "ઉમેદવારોએ ધ્યાને લેવાની સૂચનાઓ." નો કાળજી પૂર્વક અભ્યાસ કરી સુચવ્યા મુજબ તમામ આનુસંગિક ગુણપત્રકો, પ્રમાણપત્રો અને દસ્તાવેજોની અસલ તેમજ સ્વપ્રમાણિત નકલ સહિત ઉપસ્થિત થવાનુ રહેશે.ડોક્યુમેન્ટ વેરિફીકેશનમાં ગેરહાજર રહેનાર ઉમેદવાર સદર ભરતી અન્વયે પોતાનો હક જતો કરવા ઇચ્છે છે તેમ માની ભરતી પ્રક્રીયાના આગામી તબક્કામાંથી બાકાત કરવામાં આવશે જેની સંબંધિતોએ નોંધ લેવી.